સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

આવડત વિનાની રાજરમતે પાસા તો જૂઓ!
એકમેકને જાહેરમાં અપાતા જાસા તો જૂઓ!
ને લોકશાહીમાં ભવ્ય ભવિષ્યની આશા તો જૂઓ,
કીચડે ખદબદ આ કીડાઓની ભાષા તો જૂઓ!
(નેતાઓના નિવેદનોનું નિમ્ન સ્તર)

હાઈકુ

જીભ પરથી
નેતા ગૂમાવે કાબૂ
સ્તર ખાઈમાં...

થયું પતન
સંસ્કાર-સંસ્કૃતિનું
બૂલેટ ગતિ...

ચિંતન

સ્થિત્વદ નાભ્યામ્ ચ ।

ઉપરોક્ત સૂત્ર મુંડક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

શરીરમાં એકની સાક્ષીરૂપે સ્થિતિ કહી છે ને બીજા દ્વારા સુખદુઃખ રૂપી ફળોનો ઉપભોગ કબી બતાવવામાં આવ્યો છે.

એક સાથે રહેનારા, પરસ્પર પ્રેમભાવવાળા, જોડા જેવા જીવાત્મા તથા પરમાત્મારૂપી બે પક્ષી એક જ શરીરરૂપી વૃક્ષનો આશ્રય લઈને વાસ કરે છે. એમનામાંથી એક જીવાત્મા રૂપી પક્ષી એ વૃક્ષના કર્મફળનો અથવા સુખદુઃખનો ઉપભોગ કરે છે, અને બીજું પરમાત્મા રૂપી પક્ષી અનશન વ્રત ધાર્યું હોય એમ કેવળ જોયા કરે છે.

એક જ વૃક્ષ પર વિરાજેલો જીવાત્મા વિષય રસમાં ડૂબીને સંમોહિત બનીને શોક કરે છે. એ જયારે સર્વશ્રેષ્ઠ પરમાત્માનું દર્શન કરે છે અને એમના મહિનાને જાણી લે છે ત્યારે શોકરહિત બની જાય છે.

સુવિચાર

- આદર્શની પ્રાપ્તિ પરિણામ માત્ર છે, સાધન તેનું કારણ છે, આથી સાધનોની ચિંતા જ જીવનની ચાવી છે - **વિવેકાનંદ**
- આખું વિશ્વ સુખી રહે તેવી ઈચ્છા દૃઢ કરવાથી આપણે સુખી રહીએ છીએ - **અખંડ આનંદ**
- શ્રદ્ધાનો અર્થ અંધવિશ્વાસ નથી, કોઈ ગ્રંથમાં લખેલ કે કોઈ વ્યક્તિએ કંઈક કહેલ હોય તે પોતાના અનુભવ વિના સાચું માનવું તે શ્રદ્ધા નથી - **ડો. ચંદ્રકાન્તા મહેતા**
- શાંતિથી ક્રોધને, નમ્રતાથી મનને, સરળતાથી માયાને, તથા સંતોષથી લાભને જીતવો જોઈએ - **મહાવીર સ્વામી**
- જયારે દુઃખ અને ગ્લાનિ અત્યંત વધી જાય છે ત્યારે નક્કી માનવું કે સુખ અને શાંતિના દિવસો નજીક છે - **જીવનસૂત્ર**
- કોઈ તમારા માટે શું કહે છે તેમાં નહીં પણ સાચી મહાનતા હૃદયની પવિત્રતાની રહેલી હોય છે - **સમર્થ રામદાસ**
- આજનું ઔષધ : કરંજનું તેલ ખંજવાળ, ખરજવા ઉપર હળવે હાથે માલીશ કરવાથી રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈશ્વર પ્રાપ્તિ કરવી છે તો એના અસ્તિત્વ વિશે સહેજેય શંકા ન રાખો. પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી ઈશ્વર પ્રાપ્તિ થાય છે. પ્રાચિનકાળની વાત, નારદમુનિ એક આશ્રમ પાસેથી પસાર થતા હતા ત્યારે શિષ્યોએ નાદરજીને રોકીને પૂછ્યું, 'નારદજી શું તમે અત્યારે સ્વર્ગમાંથી આવી રહ્યા છો ?' તો એમને જણાવો કે 'સ્વર્ગ'માં ભગવાન અત્યારે શું કરી રહ્યા છે? નાદરજી બોલ્યા, 'હું જયારે નીકળ્યો ત્યારે ભગવાન સોયનાં કાણાંમાંથી ઊંટો અને હાથીઓ ને પાર કરાવી રહ્યા હતા.' શિષ્યે આશ્ચર્યશક્તિ થઈ ગયો અને બોલ્યો, 'ઓહો... સર્વશક્તિમાન ઈશ્વર કેટલા દયાળુ છે, તે ઊંટો અને હાથીઓને પણ મદદ કરી રહ્યા છે.' બીજા શિષ્યે તરત શંકા વ્યક્ત કરી. 'આ તો અશક્ય છે.' પહેલો શિષ્ય 'ના ભાઈ, કૃપાનિધાન ધારે તે કરી શકે. તેમના માટે કંઈ જ અશક્ય નથી.' બીજા શિષ્યે વિરોધ જતાવતા કહ્યું, 'હું આ વાત સાચી માની શકું તેમ નથી. શું તું કદી સ્વર્ગમાં ગયો છે ?' પહેલા શિષ્યે તેને સમજાવતા કહ્યું, 'વાત સ્વર્ગમાં જવાની નથી. વાત પરમપિતા પરમાત્મા પર સહજ રીતે વિશ્વાસ કરવાની, તેના સ્વરુપને જાણવા અને પામવાનો એક જ માત્ર માર્ગ છે. 'સહજ વિશ્વાસ'. બીજા શિષ્યેને પણ સહજ વિશ્વાસનો પાઠ પાકો થઈ ગયો. મનમાં શંકા રહે ત્યાં સુધી ઈશ્વર કયારેક સુલભ બનતો નથી. જયારે સહજ વિશ્વાસ થકી ઈશ્વરના અસ્તિત્વનો પૂર્ણ સ્વીકાર થઈ જાય ત્યાં સિદ્ધિ છે.

શકવર્તી ચુકાદાને આવકારીએ

તંત્રીસ્થાનેથી...

સમલૈંગિક સંબંધોને અમાન્ય ઠેરવતી ક્રૂર કલમની મોડે મોડે પણ પુનર્વિચારણા હાથ ધરાઈ તે આપણી કરુણામય સંસ્કૃતિના માનવીય અભિગમનો વધુ એક પુરાવો છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સહિત પાંચ જજોએ આ મુદ્દે સર્વસંમતિ દર્શાવતા અભિપ્રાય આપી આવા નાગરિકોને અન્ય નાગરિકોની જેમ જ સ્વમાનભેર જીવવાનો અને લગ્નગ્રંથિથી જોડાવાનો મૂળભૂત અધિકાર છે તે બાબતે ગંભીર નિરીક્ષણો કર્યા છે. કોઈ વ્યક્તિને કેવા પ્રકારનું આકર્ષણ છે તે એની અંગત બાબત છે. વળી એ જૈવિક ઘટના છે. એને અકુદરતી ન જ ગણી શકાય. જરૂરી નથી કે પુરુષને માત્ર સ્ત્રી પ્રત્યે જ આકર્ષણ જાગવું જોઈએ અને સ્ત્રીને પુરુષ પ્રત્યે જ. સમાન જાતિ પ્રત્યે પણ પરસ્પર આકર્ષણ જાગે તો એવી વ્યક્તિઓને સમાજે સુગાળવી નજરે ન જોવી જોઈએ. એમને એમની પસંદગીનું જીવન જીવવાનો અધિકાર છે. આજ પર્યંત ધર્મ અને નૈતિકતાના ઓઠા હેઠળ સમલૈંગિકોને સતત અન્યાય થતો રહ્યો છે. એમની સાથે પરકાષ્ઠાની હદે ક્રૂરતા આચરાતી રહી છે. આ ક્રૂરતા એ ખરેખર તો માનવતાનું કલંક ગણાવી જોઈએ અને જેમની સાથે આવું બેહૂદું વર્તન કરાયું છે એમની સમાજ તથા ધર્મપીઠોએ ક્ષમાયાચના કરવી જોઈએ, એમને પહોંચાડેલી પીડા બદલ વળતર ચૂકવવું જોઈએ. પાંચે પ્રતિષ્ઠિ અને વરિષ્ઠ ન્યાયમૂર્તિઓએ અલગ અલગ છતાં એક સરખા અવાજે સમલૈંગિકો સાથે અત્યાર લગી થયેલા દુર્વ્યવહાર ને વખોડીને એમના જીવન જીવવાના અંગત અધિકારનું અંતઃકરણપૂર્વક સમર્થન કર્યું છે અને સજાતીય સંબંધોને અપરાધની શ્રેણીમાંથી બહાર આણી અત્યંત માનવમાંગલ્ય સભર ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. દુનિયાભરમાં અત્યાર સુધી આવા સંબંધો ધરાવતી અનેક વ્યક્તિઓને જેલથી લઈ દેહાંતદંડ સુધીની સજાઓ કરાતી રહી છે. ઈરાન જેવા ઈસ્લામિક રાષ્ટ્રોમાં આજે પણ આ બાબતને ગુનો ગણી મૃત્યુદંડ આપવામાં આવે છે. જયારે સુધરેલાં યુરોપીય રાષ્ટ્રોમાં અને અમેરિકા તથા કેનેડા તેમજ ઓસ્ટ્રેલિયામાં ભારતની સરખામણીમાં ઘણો વહેલો માનવીય અભિગમ અપનાવાયો હતો. આપણા દેશમાં પચ્ચીન લાખ જેટલા સમલૈંગિકો હોવાનો અંદાજ છે. જો કે સાચો આંકડો ઘણો મોટો હોવાની શક્યતા છે. કારણ કે સામાજિક ડરને કારણે ઘણા બધા આવા લોકો પોતાની આ કુદરતી જાતિય વૃત્તિ પરત્વે ભારે લઘુતાગ્રંથિ અનુભવતા હોય તે સમજી શકાય એમ છે. આવી મનોવૃત્તિનો એકરાર કરવા બદલ રાજપીપળાના રાજકુમાર માનવેન્દ્રસિંહને એમનાં વિધવા માતાએ રાજ પરિવારમાંથી બહિષ્કૃત કરી દીધા હતા. જો કે માનવેન્દ્રસિંહે પોતાના જેવા અનેક સમલૈંગિકોની વહારે ધાઈ આખો મુદ્દો છેક યુનાઈટેડ નેશન્સના આંગણે પહોંચાડી એક અભિનવ ક્રાંતિનો સૂત્રપાત કર્યો હતો. જાતીયવૃત્તિમાં સજાતીય આકર્ષણને અકુદરતી અને વિકૃત માનસિકતા ગણી આજપર્યંત અસામાજિક કૃત્યની શ્રેણીમાં મૂકી દેવાયું હતું. સમય જ સૌથી મોટો શિક્ષક છે અને સૌથી મોટો ન્યાયધીશ પણ આખરે તો સમય જ છે. આપણા વિદ્વાન ન્યાયમૂર્તિઓએ સજાતીય સંબંધોને અપરાધની શ્રેણીમાંથી બહાર કાઢીને ઐતિહાસિક અને શકવર્તી ચુકાદો આપ્યો છે એ બદલ તેઓ અભિનંદનના અધિકારી છે. એથી ભારતીય પ્રજાની ઉદાત્ત અને સર્વાશ્લેષી કરુણાનો જ પુરસ્કાર થયો છે.

પેટ કી આવાઝ કે સામને આત્મા ઔર પરમાત્મા દોનો કી....

પેટ કી આવાઝ કે સામને આત્મા ઔર પરમાત્મા દોનો કી આવાઝ ગાયબ હો જાતી હૈ
- પૈગામ

ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

ઈ.સ. ૧૯૫૯માં રિલીઝ થયેલું આ પિકચર દિલીપ કુમાર, રાજકુમાર અને વૈજન્તી માલાની અદ્‌ભૂત અદાકારીના કારણે સુપરહિટ રહ્યું હતું, અને આ ફિલ્મને 'બેસ્ટ ડૉયલોગ'નો ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યો હતો, અને આપને જાણીને નવાઈ લાગશે કે 'રામાયણ' ધારાવાહિક બનાવનાર રામાનંદ સાગર આ ફિલ્મના સંવાદ લેખક હતા. એક મિલમજદૂરની વાત કરતી આ ફિલ્મમાં ઉપર્યુક્ત સંવાદ જૉની વૉકરના મુખે બોલવામાં આવ્યો છે.

ખરેખર સાચુ જ છે કે જયાં સુધી પેટ ભૂખ્યું હોય ત્યાં સુધી બીજું કંઈ જ યાદ આવતું નથી. 'ભૂખ્યા પેટે ભજન ન થાય' તે કહેવત કાંઈ અમસ્તી જ થોડી પડી હશે ?

આવા જ અર્થ સામ્યવાળું એક સંસ્કૃત ભાષામાં અવતરણ મળી આવે છે.

બુભુક્ષિતૈ: વ્યાકરણં ન ભુજ્યતે
પિપાસિતૈ: કાવ્યરસો ન પીયતે ।
ન છન્દસા કેનચિદ્ ઉદ્ધૃતં કુલં
હિરણ્યમેવાર્જ્ય નિષ્ફલા: ગુણા: ॥

- ભૂખ્યાઓથી વ્યાકરણ ખવાતું નથી કે તરસ્યાઓથી કાવ્યરસ પીવાતો નથી, યશથી કુળ ઊંચુ આવ્યું નથી, તેથી પૈસા કમાવ... કારણ કે તેની સામે બધા ગુણો નિષ્ફળ છે.

આ અવતરણ જેવું જ બીજું 'પંચતંત્ર' માંથી જ મળી આવે છે.

બુભુક્ષિતો કિં ન કરોતિ પાપમ્ ?
ક્ષીણા: નરા: નિષ્કરુણા: ભવન્તિ ॥

'લબ્ધપ્રણાશ' આખ્યાનમાં મણ્ડૂક(દેડકો) આ વાક્ય બોલે છે, કે - ભૂખ્યો માણસ કયું પાપ નથી કરતો ?' એટલે કે 'પેટ કરાવે વેઠ'.

જે વ્યક્તિ ભૂખ્યો છે,તેને દુનિયાનું કોઈ પણ તત્ત્વજ્ઞાન સમજમાં નથી આવતું, 'ભૂખ' એ આ દુનિયાનો યક્ષપ્રશ્ન છે...

માટે જ આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષીએ કહ્યું છે કે - 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે...'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

આજે માતૃભાષા કાર્યશાળા

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● સુરતના સપૂત અને મૂર્ધન્ય સાહિત્યકાર, પત્રકાર ભગવતીકુમાર શર્માનું નિધન થતાં, ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે આ માસની સાહિત્યિક સભામાં, સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને, તા. ૯-૯-૨૦૧૮ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે, સ્વ. ભગવતીકુમાર શર્માના પુણ્ય સ્મરણમાં, તેઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં જાણીતા સાહિત્યકાર - નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, 'મૂઠી ઊંચેરા સર્જક ભગવતીકુમાર શર્મા' વિષયે તેઓના જીવન-કવનની ઝાંખી કરાવશે, જયારે જાણીતા સાહિત્યકાર ડૉ. ધ્વનિલ પારેખ, સ્વ. ભગવતીકુમાર શર્માની કવિતાઓ વિષે વકતવ્ય આપશે. આથી આ શબ્દાંજલિ કાર્યક્રમમાં અચૂક પધારવા સાહિત્યસભાના સભ્યો, સાહિત્ય રસિકો- ભાવકો તથા મહાનુભાવોને હાર્દિક જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● શિક્ષણ, સાહિત્ય અને સમાજ સેવાના મંત્રને વરેલ સંસ્થા 'ત્રિદલ' દ્વારા, માતૃભાષા ગુજરાતી વિષયના તેજસ્વી તારલાઓના સન્માન સાથે, ગુજરાતી વિષયના શિક્ષકો તેમજ શાળાનું જાહેરમાં અભિવાદન કરવાનો કાર્યક્રમ તા. ૮-૯-૨૦૧૮ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે, પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, રૂમ. નં. ૧૫, સે-૭, બગીચા પાસે, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. જેમાં અધ્યક્ષસ્થાને પાટપરંપરાના ગુરુ અને જાણીતા સાહિત્યકાર દલપત પઢિયાર અને મુખ્ય મહેમાનપદે સમર્પણ આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. દીપક પંડ્યા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં હાજર

અનુસંધાન પાના નં ૭ પર

ભક્તકવિ સાંયાજી ઝૂલા અને નાગદમણ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

કૃષ્ણભક્તિના અનેક સુંદર પદોમાં કવિ દયારામનું એક અલગ સ્થાન છે. દયારામ કૃષ્ણમય બન્યા છે અને કૃષ્ણનો અભાવ એવી સ્થિતિ તેમને નિરર્થક લાગે છે. તેઓ લખે છે :

કૃષ્ણ ભજો કૃષ્ણ કહો,
કૃષ્ણ સુણો પ્રાણી
કૃષ્ણના સબંધ વિના
વંધ્યા સૌ વાણી

દયારામની વાણી કૃષ્ણનો પારસમણી સ્પર્શ પામી છે અને તેથી ધન્ય બની છે. પાકીસ્તાનના એક વહીવટી અમલદાર પરંતુ કૃષ્ણપ્રેમી કવયિત્રી પરવીન શાકીર પણ ચોમેર કૃષ્ણમય જગતનું દર્શન કરે છે.

આજ બન ઉપવનમેં
ચંચલ મેરે મનમેં
મોહન મુરલીધારી.

મહાભારતના આ મહાનાયક કૃષ્ણની ખૂબી છે કે ભિષણ યુધ્ધનું નેતૃત્વ તેઓ જે કુશળતાથી કરે છે તેવીજ કુશળતાથી ગોપાલક ભેરૂબંધોની ભાઈબંધી નિભાવે છે. વ્રજના ભોળા ગોપાલકોની સ્મૃતિમાં રાજવી કૃષ્ણ સતત ઝૂર્યા કરે છે. કવિ કાગ આવા કૃષ્ણ સ્વરૂપનું વર્ણન કરતા લખે છે :

સાંભર્યો જમનાનો કિનારો
વ્રજવારો મુને સાંભર્યો
દ્વારીકાની મેડીઓમાં
અગ્નિ છે ભાર્યો,
સારો હતો ગોકુળિયાનો ગારો
રે વ્રજવારો મુને સાંભર્યો.

સુપ્રસિધ્ધ ચારણ કવિઓમાં કૃષ્ણ ભક્તિને સંબંધિત સાંયાજી ઝૂલાની 'નાગદમણ' રચના ખૂબજ લોકપ્રિય થઈ છે. કવિ લખે છે :

વિહાણે નવે નાથ જાગો વહેલા
હુવા દૌડિયા ધૈન ગોપાલ હેલા
જગાડે જશોદા જદુનાથ જાગો
મહીમાટ ઘૂમે નવે નધ્ધ માગો.

જન્માષ્ટમીના પાવન પર્વે કૃષ્ણભક્તિમાં તરબતર થયેલી અનેક રચનાઓ યાદ આવે છે. સાંયાજી ઝૂલા નામના સુવિખ્યાત ચારણ ભક્ત-કવિની ઉપરની પંક્તિઓમાં પણ કૃષ્ણભક્તિનો ભાવ તેની તમામ મધુરતા સાથે ઘૂંટાયેલો છે. સાંયાજીનો જન્મ સંવત ૧૬૩૨ (ઈ.સ. ૧૬૮૮) માં થયો હોવાનો મત વધારે પ્રમાણભૂત ગણાય છે. કવિ સાબરકાંઠા જિલ્લાના ઈડર વિસ્તારમાં ઝુલા પરિવારમાં થયા પરંતુ તેમની અનન્ય કૃષ્ણભક્તિની રચનાઓ થકી વ્યાપક પ્રસિધ્ધિ અને પ્રશંસા પામેલા છે. નવલા પ્રભાતની જ્યોતિર્મય ક્ષણોમાં માતા યશોદા બાળ કૃષ્ણને જગાડવા માટે પ્રયાસ કરે છે. તે સંદર્ભમાં કવિને આ પંક્તિઓ સ્ફૂરી છે. કવિની એક સુપ્રસિધ્ધ રચના 'નાગદમણ' ની શરૂઆત ઉપરની સુંદર પંક્તિઓથી થાય છે. કવિની રચનાના આ શબ્દો વાંચીને મનમાં નરસિંહ મહેતાની સ્મૃતિ થાય છે. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' જેવી નરસિંહની અમરકૃતિ અનંતકાળ સુધી ગવાતી અને ઝીલાતી રહેવાની છે. સાંયાજી ઝૂલાની ઉપરની પંક્તિઓમાં પણ માતા-પુત્રના સ્નેહભર્યા સંવાદમાં સ્થૂળ રીતે જોઈએ તો નટખટ કાનને ગાયો તથા ગોવાળ સાથે જવા માટે કહેવામાં આવેલું છે. આ સંવાદની તો એક શોભા છેજ પરંતુ અંતરાત્મામાં વસેલા પરમાત્માને ભાવ-ભક્તિથી જગાડવાનો એક વ્યાપક વિચાર પણ તેમાંથી પ્રગટે છે. કવિએ પોતાની દીર્ઘ રચનાના પ્રારંભેજ આ શબ્દો લખીને ભીતરતની ચેતના રૂપી દેવને જાગૃત કરવાનો યજ્ઞ આરંભેલો છે. જીવને શીવત્વ તરફ પ્રયાણ કરવું હોય તો અંતરમાં આવું કૃષ્ણ રૂપી ચેતનાનું જાગરણ થવું જરૂરી છે. આથી કવિની આ રચનાને આત્મ જાગરણની સંહિતા કહેવામાં આવે છે તેમાં સંપૂર્ણ ઔચિત્ય છે. જે રીતે આ રચનાનો ઉઘાડ થયો છે તે ભાતીગળ શબ્દોથી રળિયામણી બની છે. ઉપરાંત તેમાં અંતરનો ઉજાસ પ્રગટાવવાની વાત અભિપ્રેત છે. ચેતના પ્રગટે તો અંદર – બહારનો ઉજાસ એ સહજ રીતે પ્રાપ્ત થાય છે અને આવા અંદરના ઉજાસનું એક સવિશેષ મૂલ્ય છે. સ્થૂળ આંખો કદાચ તેના નિરીક્ષણમાં ક્ષતિ કરે પરંતુ જેમને આંતરિક ઉજાસ ઝળહળા હોય તેમનો માર્ગ પછી સ્થૂળ બાબતોની મર્યાદામાં બંધાતો નથી. કવિ માધવ રામાનુજના સુંદર શબ્દો યાદ આવે :

અંદર તો એવું અજવાળું
ટળવળતી હોય આંખ જેને જોવાને
એ મીંચેલી આંખેય ભાળું
અંદર તો એવું અજવાળું
આજવાળું.

સાંયાજીએ પોતાની રચનાઓમાં કૃષ્ણભક્તિને પ્રાધાન્ય આપેલું છે. કવિની બે દીર્ઘ રચનાઓ - 'નાગદમણ' તથા 'રૂક્ષ્મણીહરણ' લોકખ્યાતિને વરેલા છે. ડિંગળ શૈલિમાં જે રચનાઓ ચારણો કે ચારણેતર કવિઓએ કરી છે તેનું એક આગવું મૂલ્ય તેમજ સૌદર્ય છે. આ પદોમાં શબ્દોની ઝાકઝમાળ મનમોહક અને ધારદાર હોય છે. ડિંગળ રચનાઓમાં વીરરસ પ્રાધાન્ય જણાય છે. આવી ઝાકઝમાળનું દર્શન 'નાગદમણ' માં પણ સહેજે થાય છે. ડિંગળની રચનાઓ મૌલિક છે. આ રચનાઓની છટાદાર રજૂઆત કોઈ કરે ત્યારે શ્રોતાઓ તેના પ્રવાહમાં તણાતા હોય તેવો અનુભવ આજે પણ થાય છે. ડિંગળ રચનાઓએ શાસ્ત્રનો આધાર લીધો હશે પરંતુ તેનો રચનાકાર મોટાભાગે સ્વતંત્ર, મૌલિક તેમજ કાવ્યરચનાની આંતરસૂઝ ધરાવતો હોય તેમ જોવા મળે છે. સાહિત્યના મર્મજ્ઞ ડૉ. પુષ્કર ચંદરવાકરે લખ્યું છે તેમ ભક્તકવિ સાંયાજી તથા આપણાં ભાગવતકારે બાલકૃષ્ણની સુમધુર લીલાને ધ્યાનમાં રાખીને પોતાના પદોમાં મધુરતાનો ધોધ વહાવેલો છે. સાંયાજી ઝૂલા એ વિશેષ કાવ્યાત્મક છે જયારે ભાગવતકાર વિશેષ ચરિત્રાત્મક છે તેવું ચંદરવાકર સાહેબનું તારણ ધ્યાન ખેંચે તેવું છે. સાંયાજી ઝૂલાની કાવ્યભોમમાં વિહરતા હોઈએ ત્યારે ભક્તકવિ સુરદાસની સદાકાળ જીવંત રચનાઓ સ્મૃતિમાં આવે છે. આવી રચનાઓ સરળ, સરપૂર્ણ તથા ભાવ સમૃધ્ધ હોવાથી લોકભોગ્ય બની છે.

હિન્દુસ્તાનના સાહિત્યના ઈતિહાસમાં ભક્તિ આંદોલનનું એક વિશેષ સ્થાન છે. "ભાગવત" એ અનેક રચનાઓનો સ્ત્રોત છે. ભક્તિ માર્ગ ભક્તિ પ્રાધાન્ય રહેલો છે. ભક્તિ આંદોલને દક્ષિણ ભારતમાં પોતાનો પ્રભાવ ઊભો કર્યો એ પ્રભાવ સમગ્ર દેશમાં વિસ્તર્યો. મધ્યકાલિન સાહિત્યમાં નરસિંહ, ભાલણ, પ્રેમાનંદ, દયારામ, દાસી જીવણ વગેરેની વ્યાપક અસર ગુજરાતમાં પણ ઊભી થવા પામી. ચારણી સાહિત્યમાં પણ ભક્ત કવિ ઈસરદાસજી જેમ ભક્તકવિ સાંયાજી ઝૂલાએ ભક્તિમાર્ગે કાવ્યધોધ વહાવ્યો છે. કવિની ભાષા પ્રાસાદિક છે. સાંયાજીના સર્જનોમાં ડિંગળી ભાષાની કોઈ ક્લિષ્ટતા જોવા મળતી નથી. ઝવેરચંદ મેઘાણીએ પણ કવિની ભાષાની આ સરળતા અને અકૃત્રિમતાનો ઉલ્લેખ કરેલો છે. શ્રાવણના સરવડા ઝીલીને યોગેશ્વર કૃષ્ણના કર્મયોગના માર્ગે પ્રવૃત્ત થવાનો નિર્ધાર કરવા જેવો છે. આ માર્ગ કદી દુર્ગતિ તરફ લઈ જતો નથી.

સત્યરૂપી પરમેશ્વર જ સત્ય; બીજું બધું મિથ્યા

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

'આત્મકથા'માં જો અભિમાનનો ભાસ આવે તો મારી શોધમાં ખામી સમજજો : મહાત્મા ગાંધી

ગાંધી તેમની આત્મકથાની પ્રસ્તાવનામાં લખે છે : પરમેશ્વરની વ્યાખ્યાઓ ગણિત છે, તેમની વિભૂતિઓ પણ અગણિત છે. એ વિભૂતિઓ મને આશ્ચર્યચકિત કરે છે.' પરમેશ્વર તેમને આશ્ચર્યમાં નાંખી દેતા હતા પરંતુ આ તો માણસ નામે મહાત્મા એટલે તરત જ સ્પષ્ટ કરે છે કે 'પણ હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. એ સત્ય મને જડ્યું નથી, પણ હું એનો ઉપાસક છું, શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તેનો ત્યાગ કરવા તૈયાર છું, એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારી તૈયારી છે અને શક્તિ છે એવો મને વિશ્વાસ છે. પણ એ સત્યનો સાક્ષાત્કાર ન કરું ત્યાં લગી મારો અંતરાત્મા જેને સત્ય ગણે છે તે કાલ્પનિક સત્યને મારા આધાર ગણી, મારી દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન હું વ્યતિત કરું છું.'

સત્યના ઉપાસક ગાંધી સત્ય એટલે સ્થૂળ. વાચાનું નહીં, એમ સ્પષ્ટ કરતા કહે છે કે આ તો વાચાનું કલ્પેલું સત્ય જ નહીં. પણ સ્વતંત્ર ચિરસ્થાયી સત્ય; એટલે કે પરમેશ્વર જ. એમ કહેતા ગાંધી કહે છે :

'આ માર્ગ જોકે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ મને નજીવી જેવી લાગી છે. કારણ કે એ ભૂલો કરતાં છતાં હું બચી ગયો છું અને, મારી સમજણ પ્રમાણે, આગળ વધ્યો છું. દૂર દૂરથી વિશુદ્ધ સત્યની - ઈશ્વરની - ઝાંખી પણ કરી રહ્યો છું. સત્ય જ છે, એ સિવાય બીજું કાંઈ જ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય છે. એ કઈ રીતે વધતો ગયો છું એ મારું જગત એટલે 'નવજીવન' ઈત્યાદિ'ના વાંચનાર જાણી ભલે મારા પ્રયોગોના ભાગીદાર બને અને તેની ઝાંખી પણ મારી સાથે સાથે કરે. વળી, જેટલું મારું સારું શક્ય છે તેટલું એક બાળકને સારું પણ શક્ય છે એમ હું વધારે ને વધારે માનતો થયો છું, અને તેને સારું મારી પાસે સબળ કારણો છે. સત્યની શોધનાં સાધનો જેટલાં કઠણ છે તેટલાં જ સહેલાં છે. એ અભિમાનીને અશક્ય લાગે અને એક નિર્દોષ બાળકને તદ્દન શક્ય લાગે. સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનો પૂજારી તો રજકણ સુધ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે. આ વસ્તુ વસિષ્ઠવિશ્વામિત્રના આખ્યાનમાં સ્પષ્ટ બતાવવામાં આવી છે. ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ પણ એ જ વસ્તુ સિદ્ધ કરે છે.

આત્મકથાની મર્યાદા બાંધતા તેઓ કહે છે કે, 'જે પ્રકરણો હું લખવાનો છું તેમાં જો વાંચનારને અભિમાનનો ભાસ આવે તો તેણે અવશ્ય સમજવું કે મારી શોધમાં ખામી છે અને મારી ઝાંખીઓ ને ઝાંઝવાના નીર સમાન છે. ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારું સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.'

મારા લેખોને કોઈ પ્રમાણભૂત ન ગણે એમ હું ઈચ્છું છું, એવી મારી વિનંતી છે. તેમાં દર્શાવેલા પ્રયોગોને દૃષ્ટાંતરૂપે ગણીને સહુ પોતપોતાના પ્રયોગો યથાશક્તિ અને યથામતિ કરે એટલી જ મારી ઈચ્છા છે. એ સંકુચિત ક્ષેત્રમાં મારા આત્મકથાના લેખોમાંથી ઘણું મળી શકશે એવો મારો વિશ્વાસ છે. કેમ કે, કહેવા યોગ્ય એક પણ વાત હું છુપાવવાનો નથી. મારા દોષોનું ભાન વાંચનારને હું પૂરેપૂરું કરાવવાની આશા રાખું છું. મારે સત્યના શાસ્ત્રીય પ્રયોગો વર્ણવવા છે, હું કેવો રૂપાળો છું એ વર્ણવવાની તલમાત્ર ઈચ્છા નથી. જે માપથી હું મારું પોતાનું માપ કરવા ઈચ્છા છું અને જે માપ આપણે બધાએ પોતપોતાને વિશે વાપરવું જોઈએ, તે પ્રમાણે તો હું અવશ્ય કહું કે,

મો સમ કૌન કુટિલ ખલ કામી ?

જિન તનુ દિયો તાહિ બિસરાયો
ઐસો નિમકહરામી ।

કેમ કે, જેને હું સંપૂર્ણ વિશ્વાસપૂર્વક મારા શ્વાસોચ્છ્વાસનો સ્વામી ગણું છું, જેને હું મારા નિમકનો દેનારો ગણું છું તેનાથી હજીયે હું દૂર છું, એ મને પ્રતિક્ષણ સાલે છે. એના કારણરૂપ મારા વિકારને હું જોઈ શકું છું. પણ એને હજીયે કાઢી શકતો નતી.

પણ હવે બસ થયું. પ્રસ્તાવનામાંથી હું પ્રયોગની કથામાં ન ઊતરી શકું. એ તો કથા - પ્રકરણોમાં જ મળશે. એમ મોહનદાસ કરમચંદ ગાંધી વ્યક્ત કરે છે.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)